# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-06-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ:

ઓપરેશન સિંદૂર હેઠળ ભારતના સતત પ્રયાસોના ભાગ રૂપે અને આતંકવાદને નેસ્તનાબૂદ કરવાના અભિગમને વિશ્વના દેશો સુધી પહોંચાડવા માટે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો વિશ્વભરના દેશોની મુલાકાત લઈ રહ્યા છે. આ પ્રતિનિધિમંડળો તેમના આંતર-રાષ્ટ્રીય સંપર્કના ભાગ રૂપે વિદેશી નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ, પ્રભાવશાળી થિંક ટેન્ક, મીડિયા અને ભારતીય ડાયસ્પોરા સાથે વાતચીત કરી રહ્યા છે.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં આ પ્રતિનિધિમંડળ અલ્જેરિયા, સાઉદી અરેબિયા, કુવૈત અને બહેરીનની સફળ મુલાકાત પછી આજે સવારે સ્વદેશ પરત ફર્યું. આજે વધુ બે પ્રતિનિધિમંડળની ટીમો પરત ફરવાના છે.

---

## પંજાબ પોલીસ-પાકિસ્તાની જાસુસની ધરપકડ:

પંજાબ પોલીસે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI અને પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની સમર્થક ગોપાલ સિંહ ચાવલા સાથે સાંઠગાંઠ ધરાવતા જાસૂસની ધરપકડ કરી છે. આરોપી ગગનદીપ સિંહની ગઈકાલે સાંજે તરણ તારણથી ધરપકડ કરવામાં આવી. અધિકારીઓના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર જોખમરૂપ એવી આ પ્રવૃત્તિના કારણે તેની ધરપકડ કરવામા આવી હતી.

---

## કડી-વિસાવદર વિધાનસભા બેઠક-:

રાજ્યમાં વિધાનસભાની ખાલી પડેલી મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણીમાં કુલ 32 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે, જેમાં કડીની અનુસૂચિત જાતિની અનામત બેઠક માટે 10 અને વિસાવદર સામાન્ય બેઠક માટે 22 ઉમેદવાર મેદાનમાં છે.

આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે.. જ્યારે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ પાંચ જૂન છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-ગ્રામ પંચાયત ચુંટણી:

કચ્છ જિલ્લામાં 166 ગ્રામ પંચાયતની સામાન્ય, મધ્યસત્ર, વિભાજન અને 241 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી મળીને કુલ 407 પંચાયતોની ચૂંટણી તારીખ 22મી જૂને યોજાવાની છે ત્યારે આજે પહેલા દિવસે કોઇ ઉમેદવાર ફોર્મ ભર્યું નથી. ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થતા જ આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. 9મી જૂનના ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી થયા બાદ 10મી જૂનના ફોર્મની ચકાસણી કરવામાં આવશે. 10મી જૂનના ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની અંતિમ મુદત રહેશે. 22 જુનના મત ગણતરી હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## ચુંટણી-રાપર તાલુકા પંચાયત બેઠક:

રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીના ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલની સૂચના અનુસાર રાપર તાલુકામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ભચાઉ પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ, રાપર તાલુકા મામલતદાર એચ.બી. વાઘેલાની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ. તાલુકાની 29 ગ્રામ પંચાયતોની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ રૂટના ઝોનલ અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા. મામલતદારે

વાઘેલાએ ચૂંટણી સંબંધિત વિવિધ કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું. તેમણે મતદાન મથકોની મુલાકાત લેવા અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માટે સૂચનાઓ આપી હતી. મતદારોને પૂરતી સુવિધાઓ મળી રહે તે માટેના સૂચનો કર્યા હતા.

---

## કચ્છ યુનિવર્સિટીમાં નેકની ટીમ:

ક્રાંતિગુરુ પડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં આજથી નેકની ટીમ મૂલ્યાંકન માટે આવી છે. નેકની ટીમ ત્રણ દિવસ દરમિયાન હાઇબ્રીડ મોડ વિઝિટ કરશે. કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલે જણાવ્યું કે, નેકની ટીમ ત્રણ દિવસ યુનિવર્સિટીમાં 2018થી 2023ની સાલ દરમિયાન થયેલી શિક્ષણ, સંશોધનની કામગીરી નિહાળવાની છે, તો નેકની માન્યતા મેળવવા હેતુ તૈયાર કરાયેલા સાત માપદંડની ગુણવત્તાની ચકાસણી કરવાની છે. શ્રી પટેલે ઉમેર્યું કે, કચ્છમાં મૂલ્યાંકન હેતુ આવનારી નેકની ટીમ અધ્યાપકો દ્વારા લખાયેલા વિવિધ પુસ્તકો, સંશોધનપત્રોનો અભ્યાસ કરવાની છે.

---

## દરિયા કિનારાની સફાઈ અભિયાન:

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન દ્વારા ગુજરાતના 17 જેટલા દરિયા કિનારાને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના ઉદ્દેશ્ય અને લોકજાગૃતિ લાવવા સફાઇ અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત માંડવીના રાવલપીર અને સુથરીના બીચ ખાતે સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. વન વિભાગ, ગેમી અને જીપીબીસી સાથે વિવિધ સંસ્થાઓ સફાઇ અભિયાનમાં સહભાથી ગઇ હતી. મ સફાઇ અભિયાનના અંતે 1150 કિલો જેટલો કચરો એકત્રિત કરાયો હતો, જેનો માંડવી નગરપાલિકા દ્વારા નિકાલ કરાયો હતો. અભિયાનમાં જોડાયેલી દરેક વ્યક્તિએ પર્યાવરણના રક્ષણ માટે પ્રતિજ્ઞા લીધી હતી.

---

**IPL:**

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટની ફાઈનલ મૅચ આજે રૉયલ ચેલેન્જર્સ બૅંગ્લુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. રજત પાટીદારની આગેવાની-ની ટીમ R.C.B. ક્વાલિફાયર એક-ની મૅચમાં પંજાબ કિંગ્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે. જ્યારે ક્વાલિફાયર બે-ની મૅચમાં પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે.

---

**વરસાદ:**

રાજ્યમાં આજે સવારના છ વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધીમાં આઠ તાલુકામાં સામાન્ય વરસાદ થયાનાં અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ પંચમહાલના જાંબુઘોડા, વલસાડના પારડી અને વાપી તાલુકામાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે.

---